જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૭/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૩૬૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૪	૦	૧૧૬૩૪	૧૭૭૪૫	૦	૧૭૭૪૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૭	૦	૬૨૬૭
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૨	૦	૧૦૨	૩૫૨	૦	૩૫૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૫૯૭૭	૧૦૯	૬૬૦૮૬	૬૬૬૮૪	૧૧૪	૬૬૭૯૮
કુલ		૮૨૪૪૫	૧૦૯	૮૨૫૫૪	૯૧૦૪૮	૧૧૪	૯૧૧૬૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૫	૨,૬૩,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧૦૦	૧૧,૦૦,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૬૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૨૪૫ લીટર દેશી દારૂ, ૧૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૮ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૫,૯૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૬૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૩૬૫/૨૦૨૧**

ઘાટલોડીયાઃ જીજ્ઞેશભાઈ દિનેશચંદ્ર આદેસરા (ઉ.વ.૪૨) (રહે. વિશ્રામનગર કો.ઓ.હા.સો.લી, ગુરૂકુળ રોડ,મેમનગર) એ તા.૨૭/૦૭/૨૦૨૧ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૪/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૭૭૬૭૭૧૨૭૩ ના ધારકે જીજ્ઞેશભાઈ આદેસરાને ફોન કરી આર.બી.એલ.ક્રેડીટકાર્ડમાંથી ઓફર આપવા તેમજ એમેઝોનના વાઉચર આપવાનુ જણાવી લોભામણી વાતો કરી જીજ્ઞેશભાઈ આદેસરાના ફોનમાં આવેલ ઓ.ટી.પી.નંબર મેળવી લઈ જીજ્ઞેશભાઈના ક્રેડીટકાર્ડમાંથી રૂપિયા ૧,૦૮,૨૭૦/- ઓન લાઈન ટ્રાન્જેક્શન કરી ટોરેન્ટ પાવરનુ બિલ ભરી વિશ્વાસઘાત અને છેંતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વાય.આર.વાઘેલા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૩૬૬/૨૦૨૧**

નિકોલઃ યોગેશભાઈ જગદીશભાઈ અગ્રવાલ (રહે. દેવકૃપા ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) એ તા.૨૭/૦૭/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૭/૨૦૨૧ રાતના ૨૧/૦૦ થી તા.૧૧/૦૭/૨૦૨૧ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન નિકોલ ઠક્કરબાપાનગર રોડ શ્યામ મેડિકલ સામે ડાયમંડ મીલની બાજુમા ખોડિયાર જ્યોત સોસાયટી ખાતે રોયલ મોબાઈલ ગેલેરી એન્ડ ઈલેક્ટ્રોનિક્સ નામની દુકાનમાંથી એલ.સી.ડી.ટીવી કિમત રૂપિયા ૪૨,૯૯૯/-, હોમ થીયેટર કિમત રૂપિયા ૩,૯૪૯/- મળી કુલ કિમત રૂપિયા ૪૬,૯૪૮/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

વાડજઃ નરેશભાઈ જેઠાલાલ પટેલ (રહે. શ્યામવીલા એપાર્ટમેન્ટ, સિલ્વર સ્ટાર કોમ્પ્લેક્ષ સામે ચાંદલોડીયા) એ તા.૨૭/૦૭/૨૦૨૧ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૭/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન સી.સી.ટી.વી. ફૂટેજમાં દેખાયેલ બે પુરૂષ નવા વાડજ અદાણી સી.એન.જી.પંપની સામે નીલ કોમ્પ્લેક્ષ ખાતે ક્રિષ્ણા મેડીકલ સ્ટોરના શટરનું તાળા તોડી, શટર ઊંચુ કરી મેડીકલમાં પ્રવેશ કરી મેડીકલ સ્ટોરના કાઉન્ટરના ખાનામાંથી રોકડ રૂપિયા ૫૮,૦૦૦/- ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૩૬૭/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ દિનેશભાઇ બાબુભાઇ પરમાર (ઉ.વ.૨૭) (રહે. બળિયાકાકાની ચાલી બિપીનપાર્ક સોસાયટીની બાજુમાં ગરીબનગર બહેરામપુરા) એ બિમારીથી કંટાળી તા.૨૭/૦૭/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા સરદારબ્રીજ પાસે કુલબજાર જમાલપુર રિવરફ્રંટ વોક-વે રેમ્પ નંબર-૨ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ મનજીભાઇ ચલાવે છે.

અમરાઇવાડીઃ ભાવેશ સ/ઓ વિનોદભાઇ ચાવડા (ઉ.વ.૨૩) (રહે. મહાલક્ષ્મીનગર ફલેટ જોગમાયાનગર સામે અમરાઇવાડી ગામ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૧૫ થી કલાક ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિહ રામસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી